# પ્રાંતિજ ખાતે શિક્ષણ બોર્ડની ચુંટણી યોજાઇ

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સાત સંવર્ગ બેઠક માટેની ચુંટણી યોજાઇ : શિક્ષકો દ્વારા ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ : શેઠ.પીએન્ડ આર હાઇસ્કુલ ખાતે ચુંટણી યોજાઇ**





પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ની સાત સંવર્ગ બેઠક માટે ની ચુંટણી યોજાઇ હતી જેમા શિક્ષક મતદારોએ ઉત્સાહ પૂર્વક મતદાન કર્યુ હતુ પ્રાંતિજ શેઠ.પી. એન્ડ આર હાઇસ્કુલ ખાતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ની સાત સંવર્ગ બેઠક માટેની ચુંટણી યોજાઇ હતી જેમા પ્રાંતિજ શેઠ.પીએન્ડ આર હાઇસ્કુલ ખાતે પણ એક મતદાન મથક ઉભુ કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ સહિત તાલુકાના શિક્ષક મતદારોએ સવાર થી મતદાન કેન્દ્ર પર ઉપસ્થિત રહી ને બેલેટ પેપર થી ભારે ઉત્સાહ પૂર્વક મતદાન કર્યુ હતુ.

## જન્મદિને વધામણી



કિશન રાઠોડ
બાયડ



ગિરિશભાઈ હરિભાઈ પટેલ
પ્રમુખ, રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘ બાયડ તાલુકો



વિશાલ પટેલ
અમદાવાદ



મનહરભાઈ પ્રજાપતિ
Ugvcl, બાયડ



ભરતભાઈ બી.પટેલ
સુપરવાઈજર, સાબરડેરી રડોદરા



નીશિલ આર.પટેલ
આકુંદ તા. બાયાડ

## પ્રાંતિજના સલાલ ખાતે એક જ પરિવારના ત્રણેય સભ્યોએ મૃત્યુબાદ દેહદાન કરવાનો નિર્ણય કર્યો

**પુત્ર, માતા, અને પત્નીએ દેહદાનનો નિર્ણય કર્યો : જાયન્ટસ ગૃપ દેહદાન માટે દ્વારા ત્રણેયના ફોર્મ ભર્યા**

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સલાલ ખાતે રહેતા પટેલ પરિવારના એકજ પરિવારના ત્રણેય સભ્યોએ પોતાના મૃત્યુબાદ દેહદાન કરવાનો નિર્ણય લઈ દેહદાન માટે સંકલ્પ પત્ર ફોર્મ ભર્યુ. પ્રાંતિજના સલાલ ખાતે રહેતા પટેલ અલ્પેશ ભાઈ કાલીદાસ ભાઈ તથા તેમના માતા પટેલ જશીબેન કાલીદાસ તથા તેમના પત્ની પટેલ મિન્ટુબેન અલ્પેશ કુમાર દ્વારા પોતાના મૃત્યુબાદ મૃત દેહ ને રૂઢિગત અંતિમ સંસ્કાર કરીને પંચ મહાભૂતમા ભેળવી દેવાને બદલે



તબીબી શ્રેત્રે અભ્યાસ કરાવતી મેડીકલ- એલોપથી, આયુર્વેદિક, હોમિયોપેથીક કે અન્ય કોલેજ મા શિક્ષણ લેતા વિધાર્થીઓના લાભાર્થે તેમજ આરોગ્ય અને તબીબી શ્રેત્રે સંશોધનનાર્થે ઉપયોગમાં આવે તેવો શુભ હેતુસર વાપરવા માટે મોકલી આપવા પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ ગુપ દ્વારા જાયન્ટસ ગ્રુપ ના જાયન્ટસ પ્રમુખ ર્ડા.કેયુર ભાઈ પ્રજાપતિ, પ્રાંતિજ જાયન્ટસ સ્થાપક ર્ડા.એન.કે.ડેરીયા મહંત સુનિલદાસજી મહારાજ , જાયન્ટસ મંત્રી હાર્દિકબ્રહ્મભટ્ટ ખજાનચી પિયુષભાઈ શાહ સહિત જાયન્ટસ ગુપ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને સલાલ ખાતે રહેતા પટેલ પરિવાર નુ દેહદાન માટે સંકલ્પ પત્ર ભરવામા આવ્યુ હતુ.

## મેઘરજના તાલુકાના જીતપુર ગામ તેમજ ઈસરીનું ગૌરવ

મેઘરજ તા.૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના જીતપુર ગામના અને ઈસરી સમાજના અને જાહેર આરોગ્ય ક્ષેત્રે ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતા એવા કિંજલકુમાર નટવરલાલ પટેલનું ૨૫ સપ્ટેમ્બર એ વર્લ્ડ ફાર્માસીસ્ટ દિવસ નિમિત્તે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર અને ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ,ગુજરાત રાજ્ય વતી કોરોના ના કપરા કાળમાં દર્દીઓ અને લોકોને સતત અમુલ્ય અને અવિરત સેવાઓ આપવા બદલ કોરોના વોરિયર તરીકે જીતપુર ગામના પટેલ કિંજલભાઈ તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું જેઓ હાલ મહીસાગર




જિલ્લાના અંતરિયાર વિસ્તારમાં પી એસ સી ખાતે ફરજ બજાવે છે ત્યારે આ એક જીતપુર ગામ માટે ખુબ જ ગૌરવની બાબત છે.તેમને કોરોના કાળમાં લોકડાઉન દરમિયાન કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવેલ છે અને આ બીજા વેવમાં તો પતિપત્ની બંને કોરોના વાઈરસથી સંક્રમિત થયા હતાં તેમ છતાં સતત પોતાની ફરજ બજાવવાની ચુક્યા ન હતા ત્યારે આ એક ગામ અને સમાજ માટે આજે ખુબ ગૌરવની વાત છે.તેમને ગામ અને સમાજ વતી ખુબ ખુબ અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિ કરતા રહે તેવી શુભેચછાઓ યુવાનો તેમજ ગામના વડીલો અને સમાજ દ્વારા પાઠવવા આવી હતી

## પ્રાંતિજ ખાતે છેતરપીંડીના ગુનાના નાસ્તા ફરતા બે આરોપીઓને જિલ્લા એસ.ઓ.જી. એ ઝડપી પાડયા હતા

**બન્ને આરોપીઓને ઝડપી પાડી પ્રાંતિજ પોલીસને સુપરત કરવામા આવ્યા : સલાલ બસ સ્ટેશન પાસે થી બન્ને ને ઝડપી પાડયા : આરોપીઓ દ્વારા લગ્નની લાલચ આપી બે લાખ રૂપિયા દાગીના પેટે લઈ છેતરપીંડી કરી હતી**

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના છેતરપીંડી ના ગુનાના નાસ્તા ફરતા બે આરોપીઓને જિલ્લા એસ.ઓ.જી.એ સલાલ બસસ્ટેશન પાસેથી ઝડપી પાડયા. પ્રાંતિજના




રાસલોડ ખાતે રહેતા રાહુલ કુમાર ઈશ્વરભાઈ પટેલ ઉ.વર્ષ-૨૭ કે પોતે ખેતી કરે છે અને પોતાના લગ્નને લઈને માયા રાજેશ પાટીલ મહારાષ્ટ્ર ની યુવતી દ્વારા લગ્ન કરવાનુ નાટક કરી પોપટભાઈ ગોપાલભાઈ પટેલ તથા યોગેશ ભારથી ગોવિંદભારથી ગોસાઈ તથા જ્યોતિ બેન યોગેશ ભારથી ગોસાઈ દ્વારા લગ્ન ને લઈ ને તારીખ ૨૦।૩।૨૦૨૧ થી ૩૧।૩।૨૦૧ ના સમય ગાળા દરમ્યાન વિશ્વાસ મા લઈ ને લગ્ન ઈચ્છુક યુવાન રાહુલ કુમાર ઈશ્વરભાઈ પટેલ પાસેથી દાગીના બનાવવાનુ કહી ને રૂપિયા બે લાખ મેળવી પરત ના કરતા પાછા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે રાસલોડ ના યુવાન રાહુલ પટેલ દ્વારા ૨।૫।૨૦૨૧ ના રોજ ચાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી હતી તો પ્રાંતિજ પોલીસ દ્વારા ચારેય વિરૂધ્ધ આઈપીસીકલમ ૪૦૬ , ૪૨૦ , ૪૧૯ ,૪૬૫,૪૬૭તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી પણ મળી આવ્યા નહતા તો જેમાથી બે આરોપીઓને ઝડપી પાડવામા જિલ્લા એસ.ઓ.જી ને સફળતા મળી હતી અને બાતમી ના આધારે નાસ્તા ફરતા બે આરોપીઓ યોગેશ ભારથી ગોવિંદભારથી ગોસાઈ ઉ.વર્ષ-૩૨ તથા જ્યોતિબેન યોગેશભારથી ગોસાઈ ઉ.વર્ષ -૩૦ બન્ને રહે. મકાન નંબર-૫ અક્ષરધામ સોસાયટી, વિસનગર રોડ, મહેસાણા અગાઉ રહે.૫૬ અયોધ્યા નગર સોસાયટી, ગાંધીનગર હાઈવે રોડ પાછળ તા.જિ મહેસાણા બન્ને ને જિલ્લા અને બન્ને આરોપીઓને જિલ્લા એસ.ઓ.જી પોલીસ દ્વારા બાતમી ના આધારે પ્રાંતિજ ના સલાલ બસ સ્ટેશન થી ઝડપી પાડયા હતા અને બન્ને આરોપીઓને સી.આર.પી.સી કલમ-૪૧ (૧)આઈ મુજબ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે સુપ્રત કરવામા આવ્યા હતા તો જિલ્લા એસ.ઓ.જી દ્વારા છેતરપીંડી ના ગુનાના નાસ્તા ફરતા બન્ને આરોપીઓને ઝડપી પાડવામા સફળતા મળી હતી.

## પ્રાંતિજની સગીરાને ભગાડી જતા માતા દ્વારા પોલીસ ફરીયાદ કરી

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર માંથી સગીરા ને ભગાડી જતા સગીરાની માતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા હિંમતનગર ના પરબડા ના ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી. પ્રાંતિજ ખાતે રહેતા નીરૂબેન નરેશભાઈ મકવાણા (ચમાર)ની દિકરી કે સગીરવય ની કે જે ૧૫ વર્ષ ૯ માસ ૨૩ દિવસ ની હોય હિંમતનગર ના પરબડા ખાતે રહેતો માધવ કુમાર કાન્તીલાલ પરમાર રહે.પરબડા તા.હિંમતનગર , જિ.સાબરકાંઠા દિકરી ને લલચાવી ફોસલાવી અપહરણ કરી ભગાડી ગયેલ હોય જે અંગે ની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા દિકરી ની માતા નીરૂબેન નરેશભાઈ મકવાણા (ચમાર) રહે. રલ્વે સ્ટેશન પ્રાંતિજ , તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પીઆઈ એચ.એસ.ત્રિવેદી દ્વારા આઈપીસીકલમ ૩૬૩,૩૬૬ મુજબ ગુનો નોધી આગળ ની તપાસ હાથ ધરી હતી.



ધનસુરા માં ૧.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. ધનસુરા માં ધોધમાર વરસાદ વરસ્યો હતો સવાર થી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો ધનસુરામાં પવન અને વીજળીના કડાકા સાથે ભારે વરસાદ વરસ્યો હતો જેને લઈને ધનસુરાના બસ સ્ટેન્ડ, પરબડી,બજાર તેમજ રોડ પર પાણી ભરાયા હતા રોડ પર પાણી ભરાતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## ધાનેરા થરાદ રોડ ઉપર ખેતીની જમીનો પર ધમધમી રહ્યા છે ઈટવાડાઓ

ધાનેરા, તા. ૨૬

ધાનેરા માં ગેરકાયદેસર રીતે અધિકારીઓની મિલીભગતથી ખુલ્લેઆમ ઈટવાડા ધમધમી રહ્યા છે ધાનેરામાં કોની પરમીશનથી ઈટવાડા ધમધમી રહ્યાં છે ... એ પણ એક મોટો સવાલ છે...? કે પછી અધિકારી ઓ પત્રમ્ પુષ્પમ્ કરીને પોતાનું કરી રહ્યા છે. ધાનેરા થરાદ રોડ ઉપર આવેલ ખેતીની જમીન પર મોટા પાયે ઈટવાડા ધમધમી રહ્યા છે ખેતીની જમીન પર બીન કાયદેસર રીતે સરકારી નિયમનો ભંગ કરીને ઈટવાડા બનાવવાં માં આવ્યા છે તેવું લોકો દ્વારા જાણવા મળેલ છે ધાનેરા થરાદ રોડ ઉપર આવેલ ઈટવાડા થી પ્રદૂષણ ફેલાતા પણ આજુબાજુના ખેતરો ના પાક પર મોટી અને ગંભીર અસર થતી જોવા મળી રહી છે જેના લીધે ખેડૂતો ને પણ નુકશાન ભોગવવું પડે છે આ ઈંટોના ભઠ્ઠા માં કાચા માલ સામાન માં ખાસ કરીને માટી પણ ગરીબ ખેડુતોની જમીનોમાંથી ઈંટો બનાવવા માટે માટી રોયેલ્ટી ભર્યા વિના ખેતર ની જમીનમાંથી માટી પણ કાઢી લેવામાં આવે છે જેના લીધે ખેતીની જમીનમાં મોટું નુક્સાન થઈ રહ્યું છે. આ બાબતે જિલ્લા કલેકટરશ્રી તપાસ કરાવી ખેતીની જમીનના માલિક તેમજ ઈટો પાડતા લોકો પર કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોકો માંદ છે.

## ધાનેરામાં નગરપાલિકાની પરવાનગી વિના જ રાજારામ શોપિંગ સેન્ટરની રસ્તા વચ્ચે બનેલી દુકાનો છતાં સ્થાનિક તંત્ર મૌન?

ધાનેરા, તા. ૨૬

ધાનેરા નગરપાલિકામા કોમર્શિયલ કોમ્પલેક્ષો માટે બાંધકામની પરવાનગી વખતે જે લે આઉટ પ્લાન અને નકશાઓ મુજબ કે સરકારના નિતી નિયમો પ્રમાણેની શૌચાલય પાકીગ જેવી સુવિધાઓ હોવી જોઈએ તેના બદલે નકશાની બિલકુલ વિરુદ્ધ જાહેર રસ્તા ની વચ્ચે જ બિલ્ડરો દ્વારા દુકાનો બનાવી નાખવામાં આવેલ છે.

ધાનેરામાં થરાદ રોડ ઉપર સર્વે નંબર:૨૦૪/૪ ની જગ્યામા રાજારામ શોપિંગ સેન્ટર બનાવવા માં આવેલ છે.આ શોપિંગ સેન્ટર ના વહીવટકર્તા ઓએ લે આઉટ પ્લાન તેમજ નકશાની વિરુદ્ધ માં તેમજ જરૂરી સુવિધાઓ વિના અને ધાનેરા નગરપાલિકા ની કોઈપણ પ્રકારની બાંધકામની પરવાનગી વગર જાહેર રસ્તા ની જગ્યા ઉપર બીનકાયદેસર રીતે બાંધકામ કરી લાગવગથી દુકાનો બનાવી બારોબાર વેચી દીધી છે અને કોઈપણ પ્રકારની જાહેર સુવિધાઓ વગર અને લે આઉટ પ્લાન કે પરવાનગીમા બતાવેલ નકશાની વિરૂદધ બાંધકામ કરવામાં આવેલ છે આ ગેરકાયદેસર રીતે બનેલ બાંધકામ બાબતે નગરપાલિકા ધાનેરા તેમજ જિલ્લા કલેકટર કચેરી માં પણ વારંવાર રજુઆત કરેલ છે જયારે રાજારામ શોપિંગ સેન્ટરની દુકાનો દુર કરવા બાબતે ધાનેરા? નાયબ કલેકટર શ્રીએ પણ ધાનેરા નગરપાલિકાને જણાવેલ ત્યારે ધાનેરા નગરપાલીકા દ્વારા આ દુકાનો હટાવવા બાબતે નોટીસ આપવામાં આવેલ છતાં આ શોપિંગ સેન્ટરના જવાબદાર બિલ્ડરો લાગવગના કારણે નગરપાલિકાની નોટીસ ને પણ ગણકારતા નથી એક બાજુ નગરપાલિકા ના સત્તાધીશો આવા બાંધકામો હટાવવાના બદલે નોટીસ આપી પોતાની ફરજ પુરી કર્યા નો સંતોષ માની આંખ આડા કાન કરી રહ્યા છે શુ ધાનેરા નગરપાલિકા ના સત્તાધીશો આ શોપિંગ સેન્ટર નાં બાંધકામ સામે કોઈ કાર્યવાહી કરશે ખરા?

**ગાંધીનગર સમાચારનાં અહેવાલની અસર**

## તુલશીનગર પાસે રોડ પર પડેલા ખાડાનું પુરણ કામ શરૂ કરવામાં આવ્યું

ધાનેરા, તા. ૨૬

ધાનેરા તુલસી નગર પાસે ગુજરાત થી રાજસ્થાની જોડતાં રોડ પર મસમોટા ખાડા પડી જતા વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા અને અકસ્માત સર્જાવાનાં ભય પણ વાહન ચાલકોને સતાવી રહ્યો હતો તો બીજી તરફ ત્યાંથી પસાર થતા લોકોને પણ ખૂબ જ મુશ્કેલી સાથે



પસાર થવું પડતું કેટલાક વાહનો તો આ ખાડામાં પલટી પણ મારી ગયા હતા આ સમગ્ર બાબતને લઈને એકમાત્ર ગાંધીનગર સમાચાર દ્વારા અહેવાલ પ્રસારીત કરવામાં આવ્યો હતો અને તેને લઇ આજે તંત્ર જાગૃત બન્યું છે અને રોડ પર પડેલા ખાડા પૂર્ણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે ત્યારે ખાડા પુરાઈ જતા વાહન ચાલકોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.